પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૭ ૨૯ નવેમ્બર, ૨૦૨૧, સોમવાર; કારતક વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઓમીક્રોન વેરિયન્ટને પગલે ન્યૂયોર્કમાં કટોકટી

## ઓમીક્રોનનો ડર : વૈજ્ઞાનિકોએ આપી ચેતવણી : અનેક દેશોએ સાઉથ આફ્રિકાની ફ્લાઈટ્સ બંધ કરાવી

વૉશિંગ્ટન, તા.૨૮

વોશિંગ્ટન- ન્યૂયોર્કના ગવર્નરે ઈમર્જન્સીની સ્થિતિની જાહેરાત કરી છે. એપ્રિલ ૨૦૨૦માં કોરોના વાયરસ ફેલાવવાની શરુઆત થઈ ત્યારથી લઈને અત્યાર સુધી વર્તમાન સ્થિતિ સૌથી વધારે ગંભીર છે. તેમણે જણાવ્યું કે, બોત્સવાનામાંથી કોવિડનો જે ચિંતાજનક વેરિયન્ટ મળી આવ્યો છે તેનાથી બચવાની જરુર છે. મહામારીના નિષ્ણાંત વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વેરિયન્ટ અત્યંત ચિંતાજનક છે અને મહામારી ૨.૦ને ફેલાવી શકે






છે. વૈજ્ઞાનિકોની ચેતવણી પછી જ ઈમર્જન્સી જાહેર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે નિષ્ણાંતોએ વિવિધ દેશોને આગ્રહ કર્યો છે કે ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવે. અમેરિકામાં મ્યૂટન્ટ સ્ટ્રેન ઓમીક્રોનનો પ્રવેશ ના થાય તે માટે આઠ સાઉથ આફ્રિકન દેશોની ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ પ્રતિબંધ સોમવારથી લાગુ પડશે. શુક્રવારે રાત્રે દક્ષિણ આફ્રિકાથી એક ફ્લાઈટ નીધરલેન્ડમાં લેન્ડ થઈ હતી, જેમાં અનેક લોકો ઓમીક્રોનથી સંક્રમિત હતા. તમામ મુસાફરોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા અને હવે તેમના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

અમ્પાયર સ્ટેટના ગવર્નર કેથી હોચુલે જણાવ્યું કે, જો હોસ્પિટલની ક્ષમતામાં ચિંતાજનક ઘટાડો નોંધાશે તો ૩ ડિસેમ્બરથી તમામ બિનજરુરી પ્રક્રિયાઓને સ્થગિત કરવામાં આવશે. જો કોઈ હોસ્પિટલ પાસે ૧૦ ટકાથી ઓછી સ્ટાફ બેડ ક્ષમતા બચશે તો બિનજરુરી અથવા વૈકલ્પિક સુવિધાઓ રદ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## ઓમિક્રોન વેરિયન્ટથી સાવધ રહેવા સ્વાસ્થ્ય મંત્રાલયે બધા રાજ્યોને પત્ર લખ્યો

### રાજ્યોને સર્વેલન્સ વધારવા, વધુ તીવ્ર રસીકરણનો નિર્દેશ આપ્યો

નવી દિલ્હી, તા.૨૮

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોન દક્ષિણ આફ્રિકામાં મળવા અને ત્યારબાદ તેના કેસ અન્ય દેશોમાં સામે આવ્યા બાદ વિશ્વભરમાં હડકંપ મચી ગયો છે. તો સરકાર તરફથી તેના પર નજર રાખવામાં આવી રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે નવા વેરિએન્ટ ઓમિક્રોનને લઈને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પત્ર લખતા તે બધાને સઘન નિવારણ કરવા, સર્વેલન્સના પગલાં વધારવા અને કોરોના રસીકરણને વધુ તીવ્ર બનાવવા સૂચનાઓ આપવામાં આવી છે.

કોરોનાના નવા વેરિએન્ટના ડર વચ્ચે એક દિવસ પહેલા શનિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

આ દરમિયાન પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને ઢીલ આપવા વિશે સમીક્ષા કરવા સહિત કોરોના વેક્સીનેશન અને કોવિડ સ્થિતિ પર ચર્ચા કરી હતી. તો કોરોનાા નવા વેરિએન્ટને જોતા મહારાષ્ટ્રની ઉદ્ધવ સરકારે આજે સાંજે બેઠક બોલાવી છે. એક દિવસ પહેલા મુંબઈના મેયર કિશોરી પેડનેકરે જાહેરાત કરી હતી કે દક્ષિણ આફ્રિકી દેશોથી આવનાર કોરોના પોઝિટિવ આવશે તો તેનું જીનોમ સિક્વેન્સિંગ કરાવવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ઓમિક્રોન વેરિએન્ટમાં ૩૦થી પણ વધુ મ્યૂટેશન

### નવા વેરિએન્ટમાં વેક્સીન કેટલી અસરકારક છે તેવામાં તેની ગંભીરતાથી તપાસ થવી જોઈએ : ડો. ગુલેરિયા

નવી દિલ્હી, તા.૨૮

કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોનનો પ્રથમ કેસ સાઉથ આફ્રિકાથી આવ્યા બાદ હવે દુનિયાના ઘણા દેશોમાં પહોંચી ગયો છે. પરંતુ સમય રહેતા ઘણા દેશોએ આ વાયરસથી પ્રભાવિત દેશોની યાત્રા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ભારત પણ તેને લઈને એલર્ટ થઈ ગયું છે. ઓમિક્રોન વાયરસને લઈને છૈંસ્જી પ્રમુખ ડો. રણદીપ ગુલેરિયાએ ચોંકાવનારો દાવો કર્યો છે.

ડો. ગુલેરિયાએ કહ્યુ કે, આ વેરિએન્ટના સ્પાઈક પ્રોટીન એરિયામાં ૩૦થી વધુ મ્યૂટેશન થઈ ચુક્યા છે, જેના કારણ તે વેક્સીનને પણ ચકમો આપી શકે છે. તેમણે જણાવ્યું કે, મોટાભાગની રસી સ્પાઈક પ્રોટીન વિરુદ્ધ એન્ટીબોડી બનાવી કામ કરે છે, તેથી સ્પાઈક પ્રોટીન ક્ષેત્રમાં આટલા બધા પરિવર્તનથી કોવિડ-૧૯ રસીની અસરકારકતા ઓછી



થઈ શકે છે.

ડો. ગુલેરિયાએ કહ્યુ કે, આ નવા વેરિએન્ટમાં વેક્સીન કેટલી અસરકારક છે તેવામાં તેની ગંભીરતાથી તપાસ થવી જોઈએ. સ્પાઈક પ્રોટીનની હાજરી પોષક કોશિકામાં વાયરસના પ્રવેશને સરળ બનાવે છે અને તેને ફેલવા દેવા અને સંક્રમણ માટે જવાબદાર છે. એમ્સના ડાયરેક્ટર ડો. ગુલેરિયાએ જણાવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## શિયાળુ સત્ર પહેલા સર્વદળીય બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા.૨૮

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થતાં પહેલા બોલાવવામાં આવેલી સર્વદળીય બેઠક પૂર્ણ થઈ ગઈ છે. પીએમ મોદી સર્વદળીય બેઠકમાં હાજરી આપવા પહોંચ્યા નહીં.

સંસદ સત્રના એક દિવસ પહેલા સરકાર તરફથી બોલાવવામાં આવેલી આ બેઠકમાં કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગે, અધીર રંજન ચૌધરી, આનંદ શર્મા, તૃણમૂલ કોંગ્રેસના સુદીપ બેનર્જી, ડેરેક ઓબ્રાયન, ડીએમકીના ટીઆર બાલૂ, ટી શિવા અને એનસીપી નેતા શરદ પવાર સામેલ થયા હતા. આ દરમિયાન ટીએમસી તરફથી સરકાર સમક્ષ ૧૦ મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે.

## ત્રિપુરા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો વિજય

### અગરતલા કોર્પો.માં TMC-CPI નું ખાતુ ખોલ્યું નહીં : ત્રિપુરા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૩૩૪માંથી ૩૨૯ સીટો પર જીત મળી છે

અગરતલા, તા.૨૮

ઉત્તર પ્રદેશ ચૂંટણી પહેલા ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે. ત્રિપુરા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ૩૩૪માંથી ૩૨૯ સીટો પર જીત મળી છે. તો અગરતલા સહિત અન્ય કોર્પોરેશનમાં તૃણમૂલ કોંગ્રેસ અને સીપીઆઈનું ખાતુ પણ ખુલ્યું નથી. ભાજપે અગરતલાના તમામ ૫૧ વોર્ડો પર જીત મેળવી છે. રવિવારે સવારથી ત્રિપુરામાં અગરતલા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૧૩ નગર પાલિકાની ૨૨૨ સીટો માટે ચાલી રહેલી મત ગણતરી પૂરી થઈ ચુકી છે. તેમાં સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટીને મોટી જીત મળી છે. ભાજપે ખોવાઈ નગર પાલિકા, કુમારઘાટ નગર પાલિકા, સબરૂમ નગર પાલિકા, અમરપુર નગર પાલિકા, પાર્ટી કૈલાશહર, તેલિયામુરા, મેલાઘર અને બેલોનિયા નગર પરિષદો સિવાય ધર્મપુર અને અંબાસા નગર પાલિકાઓ, પાનીસાગર, જિરાનિયા અને સોનાપુરા નગર પંચાયતોમાં પણ શાનદાર જીત હાસિલ કરી છે. રાજ્યમાં શહેરી સ્થાનીક સ્વરાજ્યની ૩૩૪ સીટો છે. જેમાં ભાજપે ૩૨૯ સીટો પર જીત મેળવી છે. ચૂંટણીમાં ભાજપના શાનદાર પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતા પાર્ટી ઉપાધ્યક્ષ દિલીપ ઘોષે કહ્યુ કે, ત્રિપુરા

● અનુસંધાન પાન-૭ પર


## પાવન સ્મરણ



સ્વ. બાબુભાઈ શાંતિલાલ પટેલ

મહાપ્રયાણ : તા. ૨૬-૧૧-૨૦૨૧

न जायते भ्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोडयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરે હણવાથી તે હણાતો નથી

॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

ચિરશાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના

કિન્નર ઝવેરી
અને
ટીમ ટીપીએસ

tps The Property Shop

## બેસણું



શ્રીગૌડ મેડતવાળ જ્ઞાતિના
સ્વ. ભરતભાઈ જયંતિલાલ ત્રિવેદી
(જામનગરવાળા) (નિવૃત્ત સંયુક્ત સચિવ)
હાલ ગાંધીનગર,
તારીખ : ૨૮/૧૧/૨૦૨૧ને
રવિવારના રોજ શિવશરણ થયેલ છે.

: સદ્ગતનું બેસણું :
તારીખ : ૨૯/૧૧/૨૦૨૧, સોમવાર
સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦

: સ્થળ :
પટેલવાડી, સેક્ટર-૭, ગાંધીનગર
ખાતે રાખેલ છે

ગં.સ્વ. ઉષાબેન ભરતભાઈ ત્રિવેદી

જલ્પાબેન સુજલકુમાર જોષી (પુત્રી)
સુજલકુમાર અતલુભાઈ જોષી (જમાઈ)
પરાગ ભરતભાઈ ત્રિવેદી (પુત્ર)
નેહલ પરાગ ત્રિવેદી (પુત્રવધૂ)

મહેન્દ્રભાઈ જયંતીલાલ ત્રિવેદી (મોટાભાઈ)
દિયા ● હર્ષ ● આધ્યા